# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE : 20.02.2026** **MORNING: 7.45 TO 7.55**
**DAY : FRIDAY** **NATIONAL NEWS**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

*******************************************************

1) ઇન્ડિયા AI ઇમ્પેક્ટ સમિટના મુલાકાતીઓના પ્રતિસાદને પગલે AI એક્સ્પો આવતીકાલ સુધી ચાલુ રહેશે

2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે આસામના કચર જિલ્લામાં વાઇબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ-2ને શરૂ કરાશે.

3) ચૂંટણી પંચે 22 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય ચૂંટણી અધિકારીઓને SIR સંબંધિત પ્રારંભિક કાર્ય પૂર્ણ કરવા નિર્દેશ આપ્યો .

4) અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે 10થી 15 દિવસમાં પરમાણુ કરાર પર સંમત થવા ઈરાનને ચેતવણી આપી.

5) રણજી ક્રિકેટમાં, કર્ણાટકનો 11 વર્ષ પછી ફાઇનલમાં પ્રવેશ.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# AI SUMMIT

નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે ઇન્ડિયા AI ઇમ્પેક્ટ સમિટ 2026 ચાલી રહી છે. આજે સમિટના 5માં દિવસે વિશ્વના નેતાઓ પોતાના પ્રસ્તાવો મુકશે. આ પ્રસ્તાવો સાથે સામૂહિક પ્રતિબદ્ધતાઓને સમર્થન આપવામાં આવશે.

વૈશ્વિક AI શાસન અને સહયોગ માટે એક નક્કી કરેલા માપદંડો અને રૂપરેખા મુજબ આગળ વધશે. ઉચ્ચ-સ્તરીય GPAI કાઉન્સિલ બેઠકો પણ યોજાશે. સભ્ય દેશો જવાબદાર અને સમાવિષ્ટ AI પર બહુપક્ષીય સહયોગને મજબૂત કરવા માટે પ્રાથમિકતાઓ સાથે પ્રગતિની સમીક્ષા કરશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે સમિટનું ઔપચારિક ઉદ્ઘાટન કર્યું હતું અને વિશ્વ નેતાઓનું સ્વાગત કર્યું હતું. સમિટમાં 500 થી વધુ AI નેતાઓ ભાગ લઈ રહ્યા છે, જેમાં સોથી વધુ સ્થાપકો અને મુખ્ય કાર્યકારી અધિકારીઓ , 150 શિક્ષણવિદો અને સંશોધકો અને લગભગ 400 મુખ્ય ટેકનિકલ અધિકારીઓ આ કાર્યક્રમમાં જોડાયા છે.

પ્રધાનમંત્રીએ વિશ્વભરથી આવેલા મહાનુભવાઓને સંબોધતા જણાવ્યું કે,

## બાઇટ - PM-ON-TECH-POOL

પ્રદર્શકો અને મુલાકાતીઓના જબરદસ્ત પ્રતિસાદને પગલે , ઇન્ડિયા એઆઈ ઇમ્પેક્ટ એક્સ્પો આવતીકાલે રાત્રે 8 વાગ્યા સુધી ખુલ્લો રહેશે.

---

# INDIA AI IMPACT SUMMIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે નવી દિલ્હીમાં ઇન્ડિયા **AI** ઇમ્પેક્ટ સમિટમાં બિઝનેસ નેતાઓ સાથે રાઉન્ડ ટેબલ ચર્ચાની અધ્યક્ષતા કરી હતી.

સોશિયલ મીડિયા પોસ્ટમાં , શ્રી મોદીએ જણાવ્યું કે , **C.E.O.** રાઉન્ડટેબલ **AI,** ટેકનોલોજી અને નવીનતાની દુનિયાના વિવિધ હિસ્સેદારોને એક સાથે લાવ્યા હતા. ચર્ચાઓ સમજદાર અને ભવિષ્યલક્ષી હતી, જેમાં **AI**ને જવાબદારીપૂર્વક માપવા, વૈશ્વિક સહયોગને મજબૂત બનાવવા અને વિકાસ માટે તકો ખોલવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

શ્રી મોદીએ કહ્યું કે , માનવ પ્રગતિ અને ટકાઉ વિકાસ માટે **AI**નો ઉપયોગ કરવા માટે સહિયારી પ્રતિબદ્ધતા જોવી દોહરાવી હતી.

---

# MACRON-RAPHAEL

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોનએ કહ્યું છે કે , ફ્રાન્સ અને ભારત બંને રાફેલ વિમાનો પર સહયોગ વધારવા માંગે છે.

ગઈકાલે નવી દિલ્હીમાં ઇન્ડિયા એઆઈ ઇમ્પેક્ટ સમિટ દરમિયાન બોલતા , તેમણે ખુલાસો કર્યો કે ભારતે **114** વધુ રાફેલ જેટ ઓર્ડર કરવામાં અને તેનું સહ-ઉત્પાદન કરવામાં રસ દર્શાવ્યો છે.

તેમણે ઉમેર્યું કે, મેક ઇન ઇન્ડિયા આ નવા કમાન્ડમાં મુખ્ય રહેશે. ભારત અને ફ્રાન્સ એક ખાસ વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારી શેર કરે છે જે બંને દેશો માટે અનન્ય છે.

આ અંગે વધુ માહિતી આપતા જણાવ્યું કે,

**બાઇટ - રાફેલ**

---

# AMIT SHAH IN ASSAM TODAY

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે આસામના કચર જિલ્લામાં વાઇબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ-2 ને શરૂ કરાવશે.

આ કાર્યક્રમ સરહદી ગામડાઓને સુધારવા અને ટકાઉ આજીવિકાની તકો ઊભી કરવા, વિકસીત ભારત 2047ના વિઝન સાથે સુસંગત સુરક્ષિત સરહદી સમુદાયોને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

આ યોજના 2028-29 સુધીના નાણાકીય વર્ષ માટે છ હજાર 800 કરોડ રૂપિયાથી વધુની છે. આ કાર્યક્રમ દેશભરના 15 રાજ્યો અને 2 કેન્દ્રશાસિત પ્રદેશોમાં સંતૃપ્તિ-આધારિત અને સંકલન-સંચાલિત અભિગમ દ્વારા લાગુ કરવામાં આવનાર છે.

આ ગામડાઓને મજબૂત બનાવીને , આ કાર્યક્રમ રહેવાસીઓને રાષ્ટ્રની આંખ અને કાન તરીકે કાર્ય કરવા સક્ષમ બનાવે છે , જેનાથી સરહદ સુરક્ષા, સરહદ પારના ગુનાઓ અટકાવવા અને આંતરિક સુરક્ષાને મજબૂત બનાવવામાં નોંધપાત્ર યોગદાન આપે છે.

શ્રી શાહ ગેરકાયદેસર ઇમિગ્રેશન અને સરહદ પારના ગુનાઓને રોકવા માટે સુરક્ષા વ્યવસ્થા અને સરહદ પર ફેન્સીંગની પ્રગતિની વ્યક્તિગત સમીક્ષા કરશે. ભારત-બાંગ્લાદેશ સરહદ પર BSFની નટુનપુર સરહદ ચોકીની પણ મુલાકાત લેશે.

શ્રી શાહ બરાક ખીણમાં પાર્ટીના ચૂંટણી પ્રચારની શરૂઆત કરતી વખતે ભાજપની રેલીને પણ સંબોધિત કરશે.

---

# NIA

રાષ્ટ્રીય તપાસ એજન્સી ( NIA)એ મ્યાનમારના ભારતીય અને વિદેશી એજન્ટો દ્વારા સંચાલિત માનવ તસ્કરી અને સાયબર છેતરપિંડી રેકેટના સંબંધમાં ત્રણ વ્યક્તિઓ પર આરોપ મૂક્યો છે.

NIA એ જણાવ્યું હતું કે, આરોપીઓમાં એક ફરાર શંકાસ્પદ ચીની નાગરિક પણ શામેલ છે. તેની તપાસ દરમિયાન, NIA ને જાણવા મળ્યું કે આ ત્રણેય, જાણીતા અને અજાણ્યા સહયોગીઓ સાથે , મ્યાનમારના મ્યાવાડી પ્રદેશમાં સંવેદનશીલ ભારતીય યુવાનોની તસ્કરીમાં સામેલ હતા.

એજન્સીએ ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં રોકાયેલા તસ્કરો અને દલાલોના એક સુવ્યવસ્થિત નેટવર્કનો પર્દાફાશ કર્યો , જેમાં વિદેશમાં નોકરીઓ માટે ભારતીય નાગરિકોની લાઇસન્સ વિના ભરતીથી લઈને દક્ષિણપૂર્વ એશિયામાં ગુનાહિત કામગીરી માટે પીડિતોના ગેરકાયદેસર ટ્રાન્સફરનો સમાવેશ થાય છે.

---

# SIR

ચૂંટણી પંચે 22 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય ચૂંટણી અધિકારીઓને મતદાર યાદીઓના આગામી સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન ( SIR) સંબંધિત પ્રારંભિક કાર્ય પૂર્ણ કરવા નિર્દેશ આપ્યો છે.

ચૂંટણી પંચે આ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના CEO ને પ્રારંભિક કાર્ય પૂર્ણ કરવા જણાવ્યું છે કે SIR આ વર્ષે એપ્રિલથી શરૂ થવાની અપેક્ષા છે. આ રાજ્યોમાં આંધ્રપ્રદેશ, અરુણાચલ પ્રદેશ, ચંદીગઢ, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ, હરિયાણા, હિમાચલ પ્રદેશ , જમ્મુ અને કાશ્મીર , ઝારખંડ, કર્ણાટક, લદ્દાખ, મહારાષ્ટ્ર, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, દિલ્હી, ઓડિશા, પંજાબ, સિક્કિમ, ત્રિપુરા, તેલંગાણા અને ઉત્તરાખંડનો સમાવેશ થાય છે.

કમિશને જણાવ્યું હતું કે , હાલમાં 12 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં SIR ચાલી રહ્યું છે.

---

# BOARD OF PEACE

ગઈકાલે રાત્રે વોશિંગ્ટન ડીસીમાં બોર્ડ ઓફ પીસની પ્રથમ બેઠક પૂર્ણ થઈ. બેઠકને સંબોધતા , અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બોર્ડ ઓફ પીસના સભ્યો તરફથી ગાઝા રાહત પેકેજ માટે 7 અબજ યુએસ ડોલરથી વધુની પ્રતિબદ્ધતાઓની જાહેરાત કરી.

શ્રી ટ્રમ્પે સર્વાનુમતે પસાર થયેલા ઠરાવ પર હસ્તાક્ષર કર્યા જે નાણાકીય સહાય અને પારદર્શિતાના સિદ્ધાંતો પર કામ કરશે . જે બોર્ડ ઓફ પીસને માર્ગદર્શન આપશે.

શ્રી ટ્રમ્પે વધુમાં કહ્યું કે, ગત ઓક્ટોબરમાં યુદ્ધવિરામ સંધિ પછી, અમેરિકા અને તેના ભાગીદારોએ ગાઝાને મોટી માત્રામાં માનવતાવાદી સહાય પહોંચાડવામાં મદદ કરી છે.

---

# BOARD OF PEACE - PRESIDENT TRUMP

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને ચેતવણી આપી છે કે, તેઓ **10**થી **15** દિવસમાં પરમાણુ કરાર પર અમેરિકા સાથે સંમત થાય.

બોર્ડ ઓફ પીસની ઉદ્ઘાટન બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતા રાષ્ટ્રપતિ ટ્રમ્પે જણાવ્યું હતું કે અમેરિકા એક કરાર પર પહોંચવા માંગે છે; જોકે, તેમણે ઉમેર્યું હતું કે જો કોઈ કરાર નહીં થાય તો તે ઈરાન માટે દુર્ભાગ્યપૂર્ણ રહેશે.

તેમણે કહ્યું કે, બે અઠવાડિયા પૂરતો સમય હોવો જોઈએ. અગાઉ , ઈરાને તેના મિસાઈલ કાર્યક્રમને ઘટાડવા અથવા વિવિધ સશસ્ત્ર જૂથોને ટેકો આપવાનું બંધ કરવાની અમેરિકા અને ઇઝરાયલી માંગણીઓને પૂર્ણ કરવાનો ઇનકાર કર્યો હતો.

ગઈકાલે ઈરાન અને રશિયાએ મધ્ય પૂર્વમાં બીજા અમેરિકન વિમાનવાહક જહાજના આગમન સાથે સંયુક્ત લશ્કરી કવાયત યોજી હતી. અમેરિકા અને ઈરાન

બંનેએ સંકેત આપ્યો છે કે જો ઈરાનના પરમાણુ કાર્યક્રમ પર વાટાઘાટો નિષ્ફળ જાય તો તેઓ યુદ્ધ માટે તૈયાર છે.

---

# CRICKET

સ્થાનિક ક્રિકેટમાં, કર્ણાટક 11 વર્ષ પછી રણજી ટ્રોફીની ફાઇનલમાં પ્રવેશ્યું છે. બીજા સેમિફાઇનલમાં , કર્ણાટક અને ઉત્તરાખંડ વચ્ચેની મેચ ગઈકાલે લખનૌના ભારત રત્ન શ્રી અટલ બિહારી વાજપેયી એકાના ક્રિકેટ સ્ટેડિયમ ખાતે પાંચમા અને અંતિમ દિવસે ડ્રો થઈ હતી.

જોકે, કર્ણાટકે ફાઇનલમાં પ્રવેશવા માટે પ્રથમ ઇનિંગ માં જ મોટી લીડ મેળવી લીધી હતી.

---

<u>અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે, સંસ્કૃતિ ભુંડિયા</u>

- આજના તમામ અખબારોમાં AI અંગેના સમાચારને મુખ્ય મથાળે લેવાયા છે.
- ગુજરાત સમાચાર લખે છે કે, AI માટે મોદીનો નવો 'માનવ' મંત્ર
- દિવ્ય ભાસ્કર લખે છે કે, શું એઆઈથી બન્યું, શું અસલી છે તે લેબલ કરવું જરૂરી: મોદી
- સંદેશ અને નવગુજરાત સમયે લખ્યું છે કે, ભારતને AIમાં ભય નહીં, પરંતુ ભાગ્ય દેખાય છે: પીએમ મોદી
- અને ફૂલછાબે , "સરકારો મફતની રેવડી નહીં રોજગાર આપે" ના સમાચાર મુખ્ય મથાળે લીધા છે.
- સ્થાનિક સમાચારોમાં જોઈએ તો રસ્તા , બ્રિજ, સરકારી ઇમારતોની સ્થિતિ પર નજર રાખવા એસેટ સેફ્ટી મોનીટરીંગ પોર્ટલ શરૂ કરાશે - હોળી-ધૂળેટીમાં 1 હજાર 300 વધારાની બસ દોડાવાશે. - રાજ્યના તાપમાનમાં આજથી બેથી ત્રણ ડિગ્રીનો વધારો થશે . જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે.

-------

**અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે, સંસ્કૃતિ ભુંડિયા**

- આજના તમામ અખબારોમાં AI અંગેના સમાચારને મુખ્ય મથાળે લેવાયા છે.
- ગુજરાત સમાચાર લખે છે કે, AI માટે મોદીનો નવો 'માનવ' મંત્ર
- દિવ્ય ભાસ્કર લખે છે કે, શું એઆઈથી બન્યું, શું અસલી છે તે લેબલ કરવું જરૂરી: મોદી
- સંદેશ અને નવગુજરાત સમયે લખ્યું છે કે, ભારતને AIમાં ભય નહીં, પરંતુ ભાગ્ય દેખાય છે: પીએમ મોદી
- અને ફૂલછાબે , "સરકારો મફતની રેવડી નહીં રોજગાર આપે" ના સમાચાર મુખ્ય મથાળે લીધા છે.
- સ્થાનિક સમાચારોમાં જોઈએ તો રસ્તા , બ્રિજ, સરકારી ઇમારતોની સ્થિતિ પર નજર રાખવા એસેટ સેફ્ટી મોનીટરીંગ પોર્ટલ શરૂ કરાશે - હોળી-ધૂળેટીમાં 1 હજાર 300 વધારાની બસ દોડાવાશે. - રાજ્યના તાપમાનમાં આજથી બેથી ત્રણ ડિગ્રીનો વધારો થશે . જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે.